# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MANDVIYA RIVERFRONT

કેન્દ્રીય રમત ગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ અમદાવાદના સાબરમતી રિવરફ્રંટ ખાતે સન્ડે ઓન સાયકલ અંતર્ગત તબીબો સાથે સાયકલ ચલાવી હતી. શ્રી માંડવિયાએ સન્ડે ઓન સાયકલ કાર્યક્રમ અંતર્ગત મેદસ્વિતા અંગે ચિંતા વ્યક્ત કરી સાયક્લિંગને સૌથી શ્રેષ્ઠ ઉપાય ગણાવ્યો હતો.

**(બાઈટ- ડૉ.મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)**

. . . . . . . . . . . .

# BANASKANTHA AGNIVEER

**અગ્નિવીર તરીકે ભારતીય સેનામાં જોડાવવા માગતા બનાસકાંઠાના યુવાનો 10 એપ્રિલ સુધીમાં ઑનલાઈન અરજી કરી શકશે. ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી જૂન મહિનામાં યોજાશે. આ માટેની અરજી WWW.JOININDIANARMY.NIC.IN વેબસાઈટ પર કરી શકાશે. કોઈ પ્રશ્ન હોય અથવા માર્ગદર્શન મેળવવા માગતા યુવાનો પાલનપુરની જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરી શકશે એમ પાલનપુર રોજગાર અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.**

. . . . . . . . . . . .

# PANCHMAHAL ACCIDENT

પંચમહાલ જિલ્લામાં કાર અને મૉપેડ સ્કૂટર વચ્ચે શુક્રવારે ધુળેટીની સાંજે અકસ્માત થતાં એક યુવકનું મોત નીપજ્યું છે. અમારા પ્રતિનિધિ વિપુલ પૂરોહિત જણાવે છે, ગોધરામાં ભૂરાવાવ બ્રિજ પર કાર અને મૉપેડ સ્કૂટર વચ્ચે અકસ્માત થતાં એક યુવકે જીવ ગુમાવ્યો છે. જ્યારે અન્ય એક યુવકને ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માત બાદ કારચાલક ઘટનાસ્થળેથી ફરાર થતાં ગોધરા એ ડિવિઝન પોલીસ મથક ખાતે તેની સામે ફરિયાદ નોંધાઈ છે.

. . . . . . . . . . . .

# KUTCH ACCIDENT

કચ્છ જિલ્લાના ભચાઉના કટારીયા ખાતે અકસ્માતમાં 26 ઘેટાં-બકરાના મોત થયા હતા. રાષ્ટ્રીય રાજમાર્ગ પર લાકડીયા પુલ પાસે ઘેટાં-બકરા પર ડમ્પર ફરી વળ્યું હતું. જેમાં અનેક મૂંગા પશુઓને ઇજા પણ પહોંચી હતી, તેમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે.

. . . . . . . . . . . .

# VACCINATION DAY

સમગ્ર દેશમાં આજે રાષ્ટ્રીય રસીકરણ દિવસની ઉજવણી થઈ રહી છે. હાલમાં રાજ્યમાં નવથી 11 મહિનાના બાળકો માટે રસીકરણનો દર 95 ટકાથી વધુ છે. રાજ્યમાં મિશન ઈન્દ્રધનુષના પાંચમાં તબક્કા હેઠળ વર્ષ 2023માં નવ લાખ 95 હજાર 395 બાળકો અને બે લાખ 25 હજાર 960 ગર્ભવતી મહિલાઓને રસી આપવામાં આવી હોવાનું ગાંધીનગર પરિવાર કલ્યાણ વિભાગના અધિક નિયામક ડૉક્ટર નયન જાનીએ જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. નયન જાની, અધિક નિયામક, પરિવાર કલ્યાણ, ગાંધીનગર)**

. . . . . . . . . . . .

# RAJKOT – TALIM SHIBIR

રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા આવતીકાલથી 21 માર્ચ દરમિયાન ધોરાજીના ઓસમ પર્વત ખાતે રાજ્યકક્ષાની સાહસ તાલીમ શિબિર યોજાશે. જેમાં અંદાજે 400 યુવક-યુવતીઓ ભાગ લેશે. આ તાલીમ શિબિરમાં આપત્તિ વ્યવસ્થાપનને લગતી કામગીરી તેમજ અન્ય સાહસિક પ્રવૃત્તિઓથી શિબિરાર્થીઓને માહિતગાર કરાશે.

. . . . . . . . . . . .

# MAHISAGAR VACCINATION

મહીસાગર જિલ્લાના ગ્રામીણ અને શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે ઓરી અને રુબેલાથી વંચિત રહેલા બાળકોનું રસીકરણ કરાયું હતું. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા બાળકોને યાદી તૈયાર કરવામાં આવી હતી. યાદી તૈયાર કર્યા બાદ 9 મહિનાથી 5 વર્ષના બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . .

# SURAT SARAS MELO

સુરતના જોગણીનગર ખાતે યોજાયેલા સરસ મેળામાં રાજ્ય સહિત દેશભરમાંથી આવેલા કલાકારોએ ભાગ લીધો. મહિલાઓને રોજગારી મળી રહે અને તેમને પ્રોત્સાહન મળે તે હેતુથી આ મેળાનું આયોજન કરાયું છે. માંડવીનાં સરસ્વતી ચૌધરી અને તાપીનાં અંજના ચૌધરીએ પણ આ મેળામાં ભાગ લીધો છે. આ બંને મહિલાઓ પોતે તો પગભર બન્યાં જ છે, પરંતુ તેઓ અન્ય મહિલાઓને પણ પગભર કરી રહ્યાં છે.

. . . . . . . . . . . .

# MEHSANA KHILADI

**મહેસાણા જિલ્લાનાં ખેલાડી વૈદેહી ચૌધરીએ થાઈલૅન્ડમાં રમાયેલી I.T.F. મહિલા આંતર-રાષ્ટ્રીય ટૅનિસ ટૂર્નામૅન્ટમાં ટાઈટલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, ખેલાડી વૈદેહી ચૌધરી અને શ્રીવલ્લી ભામિદિપતીની જોડી હરિફ ખેલાડીઓને પરાજય આપી ક્વાર્ટર, સેમિ-ફાઈનલ અને ફાઈનલ મૅચમાં વિજેતા બની આ સિદ્ધિ મેળવી છે.**

. . . . . . . . . . . .

# PORBANDAR MAHER RAS

પોરબંદરના બખરલા ગામમાં હોળી-ધુળેટી પછી ત્રણ દિવસ સુધી ત્રણ પડવા ઉજવાય છે. મહેર જ્ઞાતિના લોકો મહેર મણીયારો રાસ રમી ત્રણ પડવાની ઉજવણી કરે છે. આ ઉજવણી દરમિયાન મહેર પરિવારોની બહેનો અને માતાઓ પારંપરિક પોશાક અને સોનાના ઘરેણાં પહેરી પરંપરાગત રાસ રમે છે.

. . . . . . . . . . . .

# ARVALLI BAGAYATI KHETI

અરવલ્લી જિલ્લામાં ખેડૂતો હવે બાગાયત ખેતી તરફ વળી રહ્યા છે. બાયડ તાલુકાના સવેલાકંપા ખાતે બે ખેડૂતે ડ્રેગન ફ્રૂટ, જામફળ, આંબા, સીતાફળ, આમળા સહિતના પાકની ખેતી કરી છે. આ ઉપરાંત બંને ખેડૂત અન્ય ખેડૂતોને જરૂરી માહિતી પણ આપી રહ્યા છે. આ અંગે ખેડૂત કુંદન પટેલે માહિતી આપી.

. . . . . . . . . . . .